॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય

ॐ



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

# ઓમ્ પરિવારના ઉત્સવ—૨૦૦૫

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | તારીખ અને વાર |
|---|---|---|
| મહાશિવરાત્રી નિમિત્તે | યોગેશભાઈ બી. પટેલના ખેતરમાં, કૂવા પાસે, રેલ્વે ફાટક નં.-૨૫, જાગનાથ ભાગોળ, પાણવણિયા રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ. | ૧૩-૩-૨૦૦૫ રવિવાર સવારે ૧૦ થી ૨ |
| હનુમાન જયંતી | ગોવિંદભાઈ એન. પ્રજાપતિ સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૧૩. | ૨૪-૪-૨૦૦૫ રવિવાર સાંજે ૬.૩૦ થી ૮.૩૦ |
| ગુરુપૂર્ણિમા | ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરિયા, મણીનગર, અમદાવાદ-૮. | ૨૧-૭-૨૦૦૫ ગુરુવાર સવારે ૮ થી ૨ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | પંકજભાઈ શાહ અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેંકની સામેની ગલીમાં, સી.એન.વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ. | ૨૭-૧૦-૨૦૦૫ ગુરુવાર સાંજે ૪.૩૦ થી ૮ |
| બેસતું વર્ષ | નૈષધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮. | ૦૨-૧૧-૨૦૦૫ બુધવાર સવારે ૭ થી ૮ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે | ''નિર્વિકલ્પ મુક્તિધામ'' નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ.પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા. | ૨૫-૧૨-૨૦૦૫ રવિવાર સવારે ૧૦ થી ૨ |

**નોંધ :** ઓમ્ ભગવાનની કૃપાથી, આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ ઊજવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તો ઉત્સવ વિષેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલાં મેળવી લેવી જરૂરી છે. અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવના સ્થળે પહોંચવા માટે લક્ઝરી કે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે.

ઉત્સવની તારીખ અને સ્થળ યાદ કરવા માટે આ પત્રિકાની સાચવણી જરૂરી છે.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

વર્ષ - ૨૧ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ)

VOL - XIX 2004-2005 ISSUE - III માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

# ગુરુપૂર્ણિમા
# વિસ્તૃત અહેવાલ

આલેખક : નૈષધ વ્યાસ

ઓમ્ પરિવારના ઉપક્રમે તા.૨-૭-૨૦૦૪ના રોજ પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની નિશ્રામાં ''ગુરુપૂર્ણિમા મહોત્સવ'' ઊજવવાનું નિર્ધાર્યું હતું. આયોજનની પૂર્વ તૈયારીરૂપે આમંત્રણપત્રિકા છપાવવામાં આવી. દર વર્ષની જેમ આ વર્ષે પણ આમંત્રણપત્રિકાની સાથે સાથે સત્‌સાહિત્ય પ્રચાર પત્રિકા (નં.૮૩) મોકલાવેલી. પૂ. ગુરુદેવ દ્વારા આલેખાયેલ આ તાત્ત્વિક-આધ્યાત્મિક સાહિત્ય વાંચીને અનેક પત્રો આવ્યા. ગુરુપૂર્ણિમા મહોત્સવના અહેવાલની શરૂઆત પ્રચાર પત્રિકામાં પ્રગટ થયેલ સાહિત્ય દ્વારા જ કરીએ.

### તેજણને ટકોર અને . . .

જેઓ માતા-પિતાની સેવા નથી કરી શકતા તેઓ કોઈની પણ સેવા નથી કરી શકતા. માતા-પિતાની સેવાના માધ્યમથી જ સમસ્ત જીવજગતની સેવાનાં બીજ રોપાતાં હોય છે.

ધાર્મિક સાહિત્યમાં તો આપણે માતૃ-પિતૃભક્તોની ઘણી ગાથાઓ વાંચી-સાંભળી ચૂક્યા છીએ પણ અહીં રજૂ કરાયેલ વાતો તો તાજી જ છે, આપણી નજર સમક્ષ જ ઘટતી-બનતી વાતોનો ઉલ્લેખ છે. તાજી-જીવંત વાતોની અને પ્રસંગોની અસર ખૂબ જોરદાર-ધારદાર થતી હોય છે. તેજણને માત્ર ટકોર બસ છે.

### પિતૃભક્તિ

મંગળભાઈ અમથાભાઈ પટેલ એટલે ડૉ.સદ્‌ગુરુ-સમર્પણભિક્ષુજીના મોટાભાઈ. તેઓ પાંચ ભાઈઓ. તેમાં તેમનો નંબર ત્રીજો. મંગળભાઈ એન્જિનિયર થયા, એમ.ઈ. સિવિલ થયા અને એલ.એલ.બી. પણ થયા. પછી તેમની ઈચ્છા અમેરિકા જવાની હતી, પણ માતા-પિતાને છોડીને કેમ જવાય? મનમાં નક્કી કર્યું કે બાપા હયાત છે ત્યાં સુધી તો નથી જ જવું. બાપાનું જીવન ખૂબ સાચું અને સાદુ એટલે બાપા દીર્ઘાયુ થયા. બાપાની હયાતીમાં જ મંગળભાઈ થોડા ઉંમરલાયક અને મોટા પરિવારવાળા થઈ ગયા. પોતે શરીરથી ભલે ઉંમરલાયક થયા પણ પોતાનો અમેરિકા જવાનો સંકલ્પ તો હજુ પણ પૂરેપૂરો યુવાન હતો. સૌની ઉંમરની મર્યાદા હોય છે તેમ અમથાબાપા પણ સ્વધામ ગયા. બસ હવે મંગળભાઈએ અમેરિકા જવાનાં ચક્રો ગતિમાન કરી દીધાં, અને અમેરિકા ગયા જ. પોતે ખૂબ ભણેલા પણ તેમના ઘરેથી સાવ અભણ. તેઓ ભલે ભણેલાં નહિ પણ ગણેલાં ખૂબ. ખૂબ વ્યવહારકુશળ. પતિ-પત્ની બંને ત્યાં જઈને ખભેખભો મિલાવીને નોકરી કરવા લાગ્યાં અને અથાગ મહેનત કરીને ત્યાં ખૂબ સારી રીતે સેટ થઈ ગયાં. પોતાના એકના એક પુત્રને પણ તેમણે ત્યાં બોલાવી

લીધો. દીકરો પણ ત્યાં ખૂબ સારી રીતે સેટ થઈ ગયો છે અને અન્યોને મદદગાર થઈ રહ્યો છે. દીકરા-દીકરીઓ સહિત શ્રી મંગળભાઈ અમેરિકાવાસી બની ગયા અને હવે ગુરુજીને (યોગભિક્ષુજીને) પણ ત્યાં બોલાવવાનો અતિ આગ્રહ કરી રહ્યા છે. અમે (યોગભિક્ષુજી) અમેરિકા ગયા હતા ત્યારે તેમના ત્યાં થોડા દિવસ રોકાયા હતા.

ધન્ય-ધન્ય છે શ્રી મંગળભાઈની માતૃ-પિતૃ અને ગુરુભક્તિને. કોઈપણ પ્રકારનું અમેરિકાનું આકર્ષણ તેમને પિતૃભક્તિમાંથી ડગાવી ન શક્યું.

આ નાનકડો પ્રસંગ રજૂ કરવા પાછળનો અમારો આશય તો વાંચનાર જરૂર સમજી જ લેશે. પરમગુરુ પરમાત્માને પ્રાર્થના છે કે આમાંથી પ્રેરણા લઈને આપણને સૌને પણ એવા સવાયા મક્કમ બનાવે કે સદ્ગુણ-સદાચારમાંથી કદી એક તસુ પણ પાછા ન હટીયે.

### પિતૃભક્તિનો એક બીજો પ્રસંગ –

થોડા સમય પહેલાં અમારે રાજકોટ મુકામે ડો.શ્રી અરવિંદ પંડ્યાજીના ત્યાં જવાનુ થયું. પંડ્યાજીનું જીવન ખૂબ જ સીધું-સાદું-સરળ. ઘરમાં પણ ખૂબ સાદાઈ અને સ્વચ્છતા તુરંત નજરે ચડે. થોડી વાતો કર્યા પછી અમે બાથરૂમ જવા ઊઠ્યા. બાથરૂમમાં ભોંયતળિયે બિછાવેલી ટાઈલ્સ (લાદી) જોઈને અમને બેહદ આશ્ચર્ય થયું. જ્યાં-જ્યાં લાદીના સાંધા મળે ત્યાં-ત્યાં અડધો ઈંચની જગ્યા રાખેલી, જો સાફસૂફીની ખૂબ કાળજી ન રખાય તો એ વી (V) શેઈપની જગ્યામાં ખૂબ કચરો ભરાય અને તેથી ખૂબ ગંદકી થાય. અમે આ ખાલી જગ્યા - ઘીસીઓ જોઈને ખૂબ વિચારમાં પડી ગયા. આ જગ્યા રાખવા પાછળનું શું કારણ હશે? અમે અંદાજ ન લગાવી શક્યા. બહાર નીકળીને અમે પંડ્યાજીને પૂછ્યું તો તેમણે કહ્યું કે, ''હું જાણું છું કે બે લાદી વચ્ચે જગ્યા રાખવાથી ગંદકી થાય અને ખૂબ ખરાબ પણ લાગે. પણ મેં એક જ બાબતનું ધ્યાન રાખ્યું છે કે આટલી જગ્યા રાખવાથી મારા વયોવૃદ્ધ પિતાજીને પૂરી સલામતી મળશે, તેમને બાથરૂમમાં પગ લપસવાથી પડી જવાનો ડર બિલકુલ નહિ રહે. બસ, મારા વૃદ્ધ પિતાજીની સલામતીની મને આટલી ખાતરી મળી જતી હોય તો બીજું બધું તો હું ચલાવી લેવા તૈયાર જ છું. ન કરે નારાયણ અને મારા પિતાજીનો પગ બાથરૂમમાં લપસવાથી ભાંગે તો તેઓ આ ઉંમરે કેટલા દુઃખી થાય! બસ આ જ કારણથી મેં બે લાદી વચ્ચે જગ્યા રખાવી છે.'' પંડ્યાજીનો આ ખુલાસો સાંભળીને હું તો આનંદ-આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.

લોકો તો અત્યારે 'મિરર'પોલિશ' માંગતા હોય છે. ઉપરછલ્લા દેખાવની પાછળના મોહમાં બીજાં બધાંનું ભલે જે થવાનું હોય તે થાય!

### દીર્ઘદૃષ્ટિ

શ્રી બિપિન શાહ અને પ્રવિણાબેન મળવા આવ્યાં. તેઓની ગ્રીનકાર્ડની મુદત પૂરી થઈ જતી હતી તેથી તેમણે તા.૧૧મીએ અમેરિકા જવાનું નક્કી કરી નાખ્યું હતું, તેથી મળવા આવ્યા હતાં. મેં તેમને કહ્યું કે તમારે તો ભારત-અમેરિકા આવન-જાવન ચાલુ રાખવું. તેમનો નાનો પુત્ર મૌલિક અમેરિકા છે. તેનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે – ''મૌલિક તો કહે છે કે આપણે ૩-૪ વર્ષથી વધુ અમેરિકા રહેવું નથી, મને તો ભારતનું જીવન જ ખૂબ પસંદ છે. મારાં લગ્ન થઈ જાય પછી અમે પતિ-પત્ની બંને નોકરી કરતાં હોઈએ. અમે બંને મોટાભાગે નોકરીમાં રોકાયેલાં હોઈએ. અમારાં બાળકો સ્કૂલમાં ભણતાં હોય. અહીંનું ભણતર અને જીવનશૈલી બાળકોને મળે પછી બાળકો અમારાં થાય જ ક્યાંથી? વળી ચૌદ વર્ષે બાળકો જુદાં થઈ જાય! અમે તો અમારાં મમ્મી-પપ્પાને ઓળખીએ છીએ અને ખૂબ પ્રેમ કરીએ છીએ, પણ અમારાં બાળકો તેમનાં મમ્મી-પપ્પાને અર્થાત્ અમને ઓળખે જ નહિ! માટે મારે તો ચાર વર્ષ પછી ભારત જતા રહેવું છે. ભારત જેવું મને બીજે ક્યાંય ગમે નહિ.''

બિપિનભાઈ પાસેથી ચિ. મૌલિકના મૌલિક વિચારો જાણીને ખૂબ આનંદ અને સંતોષ થયો. તેની ઉંમર ભલે નાની છે પણ સમજણ-દષ્ટિ દીર્ઘ છે. દરેક બાબતને દીર્ઘદષ્ટિથી જ જોવી જોઈએ, દીર્ઘદષ્ટિમાં જ સાચાં સુખ-શાંતિનું રહસ્ય છુપાયેલું છે.

– યોગભિક્ષુજી

### કેટલું બચાવો છો?

આપણે કેટલું કમાઈએ છીએ તેના કરતાં કેટલું બચાવીએ છીએ તે વધુ અગત્યનું છે. રૂપિયા દશ હજાર કમાનારો માણસ બચાવતો કાંઈ જ ન હોય અને પાંચ હજાર કમાનારો માણસ એક હજાર જો બચાવતો હોય તો તે દશ હજાર કમાનારા કરતાં વધુ કમાય છે તેમ કહી શકાય. કારણ કે દશ હજાર કમાવાવાળાને ગમે ત્યારે પણ પાંચ હજાર કમાવાવાળા પાસે લાંબો હાથ કરવો પડશે. માટે પોતે જ પોતાને પૂછશે કે, ''કેટલું બચાવો છો?'' ફક્ત રૂપિયા જ નહિ પણ –

તમારા પુણ્ય વિષે પણ તમને પૂછશે કે, ''તમે પુણ્ય કેટલું બચાવો છો?'' પુણ્ય જ મોક્ષદ્વાર સુધી અચૂક પહોંચાડનારું મુખ્ય સાધન છે.

આપણે જીવનમાં જાતભાતની અનેક ઇચ્છાઓ કરતાં રહીએ છીએ અને તે પૂરી પણ થતી રહે છે. પણ એ કદી ન ભૂલીએ કે દરેક ઇચ્છાને પૂરી કરવા માટે પુણ્યના ઘણા મોટા જથ્થાને વાપરવો પડે છે. માટે યથાયોગ્ય પુણ્યનો જથ્થો જળવાઈ રહે તે માટે જેમ બને તેમ ભૌતિક ઇચ્છાઓ ઓછી કરીએ. ગમ્મત-ગમ્મતમાં અને છોકરમતમાં જાતભાતની એલફેલ ઇચ્છાઓ કરતાં રહીશું તો પુણ્ય પરવારી બેસીશું – અને મહાકંગાળ થઈને જીવન હારી બેસીશું.

– યોગભિક્ષુજી

# ગુરુપૂર્ણિમા મહોત્સવ

ગુરુપૂર્ણિમાના દિવસે પૂજ્ય ગુરુદેવ લગભગ દશ વાગ્યે હૉલ પર (ઇચ્છાબેનની વાડી - કાંકરીઆ) ઉપસ્થિત થયા. શરીર તો નરમ હતું જ. પોતાનું આસન ગ્રહણ કરતાં પૂર્વે પૂજ્ય ગુરુદેવે ઓમ્‌નારાયણની છબીને વંદન કર્યા અને ઉપસ્થિત સર્વે ભાઈબહેનોને પણ કરબદ્ધ નમસ્કાર કર્યા. ત્યાર પહેલાં ભક્તો દ્વારા સત્સંગ-સ્વાધ્યાય થઈ ગયા હતા; હળવો નાસ્તો પણ પતી ગયો હતો. પૂજ્ય ગુરુદેવે હૉલમાં પ્રવેશતી વખતે જ ઓમ્‌પરિવારના બુકસ્ટોલનું નિરીક્ષણ કર્યું હતું અને આગળ વધતાં સર્વે ભાઈ-બહેનોના વિભાગ પર ઊડતી નજર ફેરવી લીધી હતી. કયા કયા ગામના ઓમ્‌પરિવારનાં ભાઈ-બહેનો હજુ હાજર નથી થઈ શક્યાં તેની પણ નોંધ પૂજ્યશ્રીએ લીધી હતી. પૂજ્યશ્રીએ બોલવાનો, આશીર્વચન આપવાનો શુભારંભ કર્યો –

### ભેરાં પડ્યાં ભાણાંએ ભભડે

''આપણામાં કહેવત છે કે 'ભેરાં પડ્યાં ભાણાંએ ભભડે.' એટલે કે વાસણો પણ ભેગાં હોય તો ખખડે - અવાજ કરે. જો નિર્જીવ વાસણો પણ ખખડે તો સજીવ એવા માણસો કેમ ન ભભડે - કેમ ન ખખડે? કદાચ આ નિયમમાં કોઈ અપવાદ નીકળે. ભેળા રહેવા છતાંય ન ખખડતા હોય - તેમનામાં આપસમાં ઘર્ષણ ન થતું હોય તો, એ અતિ આનંદની વાત છે, તે પ્રભુકૃપા કહેવાય. પણ એ સિવાય બીજે બધે જ ભેગા રહેનારા ભભડે જ. પણ એ ભભડવાનું શાની સાબિતી છે? તેઓ સૌ ભેગા છે તેની તે સાબિતી છે. એકલા જ રહેતા હોય તે ન ભભડે તેમાં વિશેષતા શું? કાંઈ નહીં. તેથી ભભડવું તે ભેગા રહેવાની સાબિતી છે. તેથી તે ઉત્તમ વાત છે. ભેગા રહેનારા થોડા-થોડા સમયે ભભડે તે એક રીતે જોતાં સારું પણ ખરું. કારણ કે પરિવારના

દરેક સભ્યના મનમાં, ગમે તે કારણસર થોડું થોડું મનદુ:ખ અવારનવાર ભભડીને નીકળી ન જાય તો મનમાં-મગજમાં તેનો ઘણો મોટો જથ્થો ભેગો થાય કે પછી તેના પર કાબૂ ન રહે અને પછી તે અનાયાસે જ ગમે ત્યારે મોટા બોમ્બની જેમ ફૂટે ત્યારે બધું જ વેરણછેરણ કરી નાખે. પછી ભેગા રહેવાનું કે ભભડવાનું કાંઈ જ બાકી ના રહે."

## ગુરુ દૂભે તો...

"આપણે નિત્ય ગાઈએ છીએ તે "ગુરુમહિમા"માં આવે છે કે :

**ગુરુ દૂભે તો પૃથ્વી કંપે,**
**તે અસુર જુગ જુગ નહીં જંપે,**
**ગુરુને તાપ અંતરમાં કરશે,**
**તો ગળત કોઢમાં નિશદિન ગળશે.**

આમાંથી ગુરુ દૂભે તો પૃથ્વી કંપે તેને સમજીએ –

"ગુરુ-સંતો દુભાય, દુ:ખી થાય - તેમને કોઈ સ્થૂળરૂપે કે સૂક્ષ્મરૂપે પણ દુ:ખી કરે તો તે પૃથ્વીમાતા જોઈ ના શકે, બેહદ દુ:ખી થાય. ગુરુ-સંતોને દુ:ખી થતા જોઈને પૃથ્વીનું મર્માળુ હૃદય એટલું વ્યથિત થાય કે તેમનું આખું શરીર કંપાયમાન થઈ જાય. અને આપણે સૌ જાણીએ જ છીએ કે પૃથ્વી કંપાયમાન થાય ત્યારે તેમના આશ્રયે રહેલા - તેમના પર વસેલા જીવોની સ્થિતિ શું થાય. પૃથ્વીનો જે ભાગ કંપે તે ભાગ પર વસતા સર્વ જીવો અને ઝાડ-પહાડ પણ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય. ગુરુ-સંતોને દુ:ખી કરનારને દંડ દેવાની, દુ:ખી કરવાની ઇચ્છા ભલે પૃથ્વીની ન હોય પણ પોતે એટલાં દુ:ખી-વ્યથિત-દ્રવિત થઈ ઊઠે કે તેમનું આખું શરીર કંપાયમાન થઈ ઊઠે. અને તેથી બધાને અનાયાસે જ દંડ મળી જાય.

ગુરુ-સંતોની કરુણાનો તો કોઈ પાર નથી. તેઓ તો પોતા પર ગુજારાતા સર્વ સિતમોને હસતે મોંએ સહન કરી લે છે. જો તેઓ પણ 'જૈસે કે સાથ તૈસા' જેવો વ્યવહાર કરે તો તો બંનેનું જમા-ઉધાર બેઉ બરાબર થઈ જાય પણ તેઓ તો બધું સહન કરી લે તેથી સામા પક્ષનું અઘટિત કર્મ કુદરતના ચોપડામાં લખાય. અને કુદરતનો નિયમ હજાર ગણું પાછું આપવાનો છે. તેથી જ કહ્યું છે કે "એક ગણું દાન, સહસ્ર ઘણું પુણ્ય." સારું કર્મ કરો તેનું સારું ફળ અને ખોટું કર્મ કરો તો તેનું ખોટું ફળ સહસ્ર ગણું થઈને મળે.

"આ રીતે આપણે 'ગુરુ દૂભે તો પૃથ્વી કંપે...' તેને તાત્ત્વિક રીતે સમજવાનો પ્રયત્ન કર્યો. અસ્તુ."

પૂજ્યશ્રીના પ્રવચન બાદ મહામનાં હંસાબેન અને દેવુભાઈએ ભાવવિભોર થઈને પૂજ્યશ્રીની આરતી ઉતારી. ક્રમબદ્ધ બધા જ કાર્યક્રમો થઈ રહ્યા હતા. હવે "મૃતસંજીવની" (પૂજ્યશ્રીનો અને ભક્તોનો પત્રવ્યવહાર) નામના પુસ્તકની વિમોચન - વિધિનો ક્રમ આવ્યો. તે માટે પૂજ્યશ્રીએ સભામાંથી પાંચ બહેનોને બોલાવ્યાં. હળવદ ઓમ્‌પરિવારનાં હંસાબેન પાઠક, અમદાવાદ ઓમ્‌પરિવારનાં મીતાબેન વ્યાસ, ઉમરેઠ ઓમ્‌પરિવારનાં જયશ્રીબેન પંડ્યા, ડાકોર ઓમ્‌પરિવારનાં સુધાબેન સુખડિયા અને વલસાડ ઓમ્‌પરિવારનાં રશ્મિબેન પટેલ પૂજ્યશ્રીનો આદેશ થતાં મંચ પર આવ્યાં. પૂજ્યશ્રીએ કહ્યું કે આજે આ "મૃતસંજીવની" પુસ્તકની વિમોચનવિધિ આ પાંચ બહેનોના શુભ હસ્તે થશે. તાલીઓના ગડગડાટ અને હર્ષોલ્લાસ સાથે પાંચેય બહેનોએ મળીને પુસ્તકની રિબન ખોલીને પુસ્તક ખુલ્લું મૂક્યું. મોટા ભાગે પુસ્તક-વિમોચન-વિધિ કોઈ પ્રસિદ્ધ સાહિત્યકાર કે સંત-મહાત્મા કે રાજકીય નેતા આદિ દ્વારા થતી હોય છે. આજે અહીં આ વિધિ ઓમ્‌પરિવારનાં બહેનો દ્વારા જ થતી જોઈને ઉપસ્થિત સર્વે ભાવવિભોર થઈ ગયા. પછી પૂજ્યશ્રી બોલ્યા કે "પરમ તપસ્વિની, બાળબ્રહ્મચારિણી, પૂજ્ય શ્રી રવિશંકર મહારાજશ્રીનાં અંતેવાસી તરીકે રહેલ એવાં બહેન શ્રી હેમાબેન આચાર્ય મંચ પર પધારે." આ સાંભળીને બહેનોના વિભાગમાંથી એક ઉંમરલાયક બહેન ઊભાં થયાં. તેમણે ખાદીનું પહેરણ તથા ખાદીનો પંજાબી પાયજામો પહેર્યો હતો, માથા પર પણ ખાદીનો

રૂમાલ બાંધ્યો હતો. તેઓ ધીમા પગલે મંચ પર આવ્યાં. હર્ષના કારણે તેમની આંખો સજળ હતી. તેમણે નીચા નમીને પૂજ્યશ્રીને નમન કર્યા. પૂજ્યશ્રીએ કહ્યું કે "આવો હેમાબેન. તમારે હવે આ પાંચેય બહેનોને, આ પ્રસાદીની સાડી ઓઢાડીને આશિષ આપવાના છે. સ્વયંસેવક હેમાબેનના હાથમાં સાડી આપતા ગયા અને હેમાબેન દરેક બહેનને સાડી ઓઢાડીને આશિષ આપતાં ગયાં. આ સમયે હેમાબેનની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં. પછી પૂજ્યશ્રીએ હેમાબેનના કપાળમાં સ્વહસ્તે ચંદનનો ચાંદલો કર્યો. આ વખતે તો હેમાબેન એટલા હર્ષાવેશમાં આવી ગયાં હતાં કે પોતાના શરીર પર કાબૂ પણ માંડ રાખી શકતાં હતાં. પછી છએ બહેનો પોતાના સ્થાન પર ચાલ્યાં ગયાં.

થોડી થોડી વારે પૂજ્યશ્રી સભામાંના અમુક અમુક મહાનુભાવોને પ્રસંગને અનુરૂપ બે શબ્દો આશિષના બોલવા મંચ પર બોલાવતા હતા. પૂજ્યશ્રીએ મંચ પર શ્રી મનુભાઈ પંડિતને બોલાવ્યા અને ડાકોરના મંદિરનો ખેસ પ્રસાદીરૂપે ઓઢાડીને તેમનું સ્વાગત કર્યું. પૂજ્યશ્રી કહે "શ્રી મનુભાઈની ઉંમર લગભગ ૭૬ વર્ષની છે. તેઓ પોતે પ્રખર ગાંધીવાદી, સર્વોદયવાદી, ખાદીધારી તથા શ્રી સંતબાલજીના પરમ અનુયાયી છે. પરમ શ્રદ્ધેય શ્રી મનુભાઈ આટલી ઉંમરે પણ સત્સાહિત્ય-પ્રચારનું કાર્ય ખૂબ ઉત્સાહપૂર્વક કરી રહ્યા છે. તેઓશ્રી પોતાના "જીવનસ્મૃતિ" સામયિકમાં અતિ ઉપયોગી માહિતી પીરસે છે. સારી સારી પુસ્તિકાઓનું પ્રકાશન કાર્ય પણ તેમના દ્વારા ચાલતું જ હોય છે. નવી પુસ્તિકા તેઓ પોતે જાતે અમારા નિવાસસ્થાને ભેટ આપવા આવે. સાથે એમનાં ધર્મપત્ની મહામનાં ભારતીબેન પણ હોય. આંખની તકલીફના કારણે હમણાંથી મનુભાઈ સાથે ભારતીબેન નથી હોતાં. મનુભાઈની સાથે ભારતીબેનને કાયમ જોવાની ટેવના કારણે હવે મનુભાઈને એકલા જોઈએ ત્યારે જાણે કાંઈક ખૂટતું હોય, અધૂરું હોય તેવું લાગે. "વિશ્વવાત્સલ્ય"ના સહતંત્રી તરીકે તેમણે ખૂબ સેવા આપી છે. આંખે મોતિયો આવે છે તોય તેમના વિશ્વવાત્સલ્યમાં જરા પણ ઓટ આવી નથી. ૭૬ વર્ષે પણ તંદુરસ્તી સરસ છે. અવારનવાર ઓમ્‌પરિવારના કાર્યક્રમોના વર્ણનના સારા સારા, નાના નાના ટુકડાઓ "જીવનસ્મૃતિ"માં પ્રગટ કરીને સૌને તેનો લાભ આપે છે અને ઉત્સાહિત કરે છે."

શ્રી મનુભાઈ પંડિતનો ઉપરોક્ત પરિચય આપીને પૂજ્યશ્રીએ તેમને બે શબ્દ કહેવાનો આગ્રહ કર્યો, આશીર્વચન આપવાનું કહ્યું. શ્રી મનુભાઈએ આશીર્વચનમાં કહ્યું કે –

"આજની આ પુસ્તક-વિમોચન-વિધિ અલૌકિક-અનૂઠી છે. ખરેખર આ વિમોચનવિધિ ક્રાંતિકારી ગણાય. પરિવારની બહેનો દ્વારા જ થતી વિમોચનવિધિ ક્યાંય જોવામાં આવી નથી. આપણે સૌએ પણ એમાંથી પ્રેરણા લેવી જોઈએ."

શ્રી મનુભાઈ આટલું કહી પોતાની બેઠક પર ચાલ્યા ગયા. પૂજ્યશ્રીએ આ પ્રસંગને પુષ્ટિકર્તા વાત આગળ ચલાવી –

"રાષ્ટ્રિય કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્તજીએ નારીનું ખરેખર જ એક મહા કરુણ ચિત્ર આ રીતે રજૂ કર્યું છે :

**અબલા જીવન હાય, તેરી કરુણ કહાની,**
**આંચલ મેં હૈ દૂધ ઔર આંખોં મેં હૈ પાની.**

"નારીની કરુણાનું આ ચિત્ર આબેહૂબ જ છે. પણ નારીનું બીજું પણ એક ચિત્ર છે જે યોગભિક્ષુએ આ રીતે આલેખ્યું છે :

**પ્રબલા-જીવન વાહ! તેરી અમર કહાની,**
**આંચલ મેં હૈ બુદ્ધ, ઔર આંખો મેં હૈ ભવાની!**

"અબલા જ્યારે પ્રબલા બને છે ત્યારે પુસ્તક-વિમોચન-વિધિ તો શું પણ જે ધારે તે કરે છે. નારીની ગોદમાં બુદ્ધ અર્થાત્ શાંતિ અને ભવાની અર્થાત્ ક્રાંતિ એકસાથે રહે છે. જ્યારે જેની જરૂર પડે ત્યારે તે સાધન વીજળીના ચમકારાની જેમ ચમકીને સૌને - વિશ્વ સમસ્તને દિગ્મૂઢ કરી નાંખે છે."

હજુ આગળ પણ પૂજ્યશ્રીએ પ્રેરક સાવધાની આ રીતે રજૂ કરી :

**સંતાનમાં સુગંધ આવે ક્યાંથી મા-બાપની,**
**દૂધ પામે ડબ્બાનું, તાલીમ પામે પાપની;**
**સંતોથી સંસ્કાર આપો, ગામેગામ ગુરુકુળ સ્થાપો,**
**કહે "ભિક્ષુ" ખાતરી રાખો, પુત્રનું સુખ તો જ ચાખો.**

કાર્યક્રમની વચ્ચે વચ્ચે અવારનવાર કોઈ ગુરુભાઈ કે ગુરુબહેનને ડાકોર-મંદિરના ખેસની પ્રસાદી, તો કોઈને સાડી, કે ઝભ્ભો, કે પોતી, કે પુસ્તક, કે અન્ય ભેટ વગેરે પૂજ્યશ્રી હસ્તક વહેંચાતું રહેતું હતું. સૌ આ ભેટને ગુરુપ્રસાદી સમજીને ગદ્ગદ્ થઈ જતાં હતાં.

પૂજ્યશ્રીએ બોરસદથી પધારેલ નિસર્ગોપચારક ડૉક્ટર શ્રી કાંતિભાઈ ઠાકરને સ્ટેજ પર બોલાવીને તેમનું ખેસ વડે સ્વાગત કર્યું અને બે શબ્દ આશિષના કહેવા કહ્યું. ડૉ. શ્રી કાંતિભાઈ દર વર્ષે નિસર્ગોપચારની શિબિર રાખે છે અને ઘણી મોટી રકમ સેવામાં ખર્ચે છે. તેઓશ્રીએ પુરુષાર્થ વિષે સુંદર રજૂઆત કરી. તેના અનુસંધાનમાં પૂજ્યશ્રીએ પ્રાર્થના અને પુરુષાર્થ વિષે ખૂબ સૂક્ષ્મ રીતે સમજણ આપી.

**પુરુષાર્થ અને પ્રાર્થના**

"બ્રહ્માનંદજીએ ગાયું છે કે :

**પુરુષાર્થ કો કરો સદા નર**
**કર્મ-કર્મ તૂ ક્યા ગાવે!**
**ઐસી વસ્તુ નહીં દુનિયા મેં,**
**પુરુષાર્થ સે નહીં પાવે.**

"ખરેખર જ પુરુષાર્થ મહાન છે. આજનું પ્રારબ્ધ ગઈકાલના પુરુષાર્થનું ફળ છે અને આવતીકાલનું પ્રારબ્ધ આજના પુરુષાર્થનું ફળ છે. પણ પુરુષાર્થ એ કાંઈ સર્વસ્વ નથી. પ્રારબ્ધનું બહાનું કાઢીને પ્રમાદને પોષનારને સાવધાન કરવા માટે પણ ક્યારેક પુરુષાર્થના અતિશયોક્તિભર્યાં ગાણાં ગવાતાં હોય છે.

"જીવનમાં પ્રાર્થનાની મહત્તા પણ કાંઈ ઓછી નથી. પ્રાર્થના દ્વારા જ સાચો પુરુષાર્થ કરવાની સ્ફુરણા સ્ફુરે છે. તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં જણાય છે કે પ્રાર્થના પણ સૂક્ષ્મ પુરુષાર્થ જ છે. પ્રાર્થનારૂપી સૂક્ષ્મ પુરુષાર્થ દ્વારા સ્થૂળ પુરુષાર્થ કરવાની સ્ફુરણા-પ્રેરણા-સૂઝ હૃદયમાં પ્રતિભાસિત થાય છે. પ્રાર્થના અને પુરુષાર્થને છૂટાં પાડી શકાય નહીં; જીવન-સમસ્યાના ઉકેલ માટેનાં તે બંને અવિભાજ્ય અંગો છે. જ્યાં પુરુષાર્થની સીમા-મર્યાદા આવી જાય છે ત્યાંથી પ્રાર્થનાનો પ્રારંભ થાય છે. સ્થૂળ પુરુષાર્થમાં નિષ્ફળ થઈને ભાંગી પડેલાને પણ હૂંફ-હિંમત આપવાની વિશેષતા પ્રાર્થનામાં છે. અસાધ્ય રોગની અવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં, કે અશક્ત અવસ્થામાં પણ, કે જ્યારે સ્થૂળ પુરુષાર્થ કરવાની સ્થિતિ નથી હોતી ત્યારે પણ પ્રાર્થનાનું અવલંબન લઈ શકાય છે.

"પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે પુરુષાર્થ અને પ્રાર્થના વિષે આપણને સાચી સમજ આપે." આમ કહેવામાં પણ 'પ્રાર્થના' જ કરવી પડી. અસ્તુ."

દમણ ઓમ્‌પરિવારથી પધારેલ શ્રી ચંપકભાઈએ પોતાનો અલૌકિક અનુભવ પ્રગટ કરતાં કહ્યું કે –

"પૂજ્ય ગુરુદેવના આદેશ મુજબ હું મારા ઘરે 'ઓમ્ ગુરુ ઓમ્' મંત્રના જપ કરતો હતો. અમૃત મહોત્સવ ઉજવણી નિમિત્તે પૂજ્યશ્રીએ વિશ્વશાંતિ અર્થે બે અબજ 'ઓમ્ ગુરુ ઓમ્' મંત્ર કરવાનો જે આદેશ આપ્યો હતો તેમાં મારે પણ યથાશક્તિ ફાળો આપવાની ઇચ્છા હતી. સાથે સાથે ગુરુ-કેલેન્ડર પ્રકાશિત કેવી રીતે કરવું તેનું પણ ચિંતન ચાલતું હતું. બરાબર તે વખતે જ સમાચાર મળ્યા કે દમણની નિશાળનાં બાળકો અને શિક્ષકો ભરેલી બસ પુલ તૂટી જવાથી નદીમાં પડી અને બધાં જ પાણીમાં ડૂબીને મરી ગયાં. પરંતુ મારી દીકરીની રિક્ષા પાંચ મિનિટ મોડી પડવાથી તે બચી ગઈ હતી. પૂજ્યશ્રીએ ચીંધેલા વિશ્વશાંતિના જપનો ચમત્કાર મને તો તરત જ રોકડો મળી ગયો. પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીને મારા કોટિ કોટિ વંદન."

ચંપકભાઈની ઉપરોક્ત વાત પછી પૂજ્યશ્રીએ સભામાંથી એક બેનને ઊભાં કરીને પૂછ્યું કે ચંપકભાઈએ જે કાંઈ કહ્યું તેમાંથી તમે શું સમજ્યાં? ઉત્તરમાં બહેને જે કાંઈ કહ્યું તેનાથી જણાયું કે તેઓ

કાંઈ સમજ્યાં જ નથી. એટલે પૂજ્યશ્રીએ સૌને હસાવતાં કહ્યું કે - તુંબડીમાં કાંકરા તડતડ થાય, ગુરુ વઢે તોય સૌ ભજિયાં ખાય. આ સાંભળીને સૌ ખૂબ હસ્યાં. આ રીતે પૂજ્યશ્રીએ સૌની સુસ્તી ઉડાડી. ચંપકભાઈની ભાષા જલદી સમજાય એવી નહોતી તેથી ચોકસાઈ માટે ગુરુજીએ એ વાતનો ટૂંકમાં સાર પોતાની રીતે સમજાવી દીધો અને કહ્યું કે – પરમાત્મા જ આપણા ગુરુ, સત્ય અને ધર્મ જ આપણા ગુરુ અને તેમની જય તો જ આપણી જય.

ગુરુપૂર્ણિમાની આ વખતની આમંત્રપત્રિકા તથા આજે વિમોચન થયેલ ''મૃતસંજીવની'' પુસ્તકમાંથી પૂજ્યશ્રીનાં આશીર્વચન અને પૂજ્ય મા અનંતાનંદ તીર્થજીનાં આશીર્વચન સભાને વાંચી સંભળાવવાનો પૂજ્યશ્રીએ મને આદેશ આપ્યો. પૂજ્યશ્રીના આદેશ મુજબ, આ લેખની શરૂઆતમાં રજૂ થયેલ આમંત્રણપત્રિકામાંનું સાહિત્ય મેં વાંચી સંભળાવ્યું. હું ''મૃતસંજીવની'' પુસ્તકમાંનાં આશીર્વચન વાંચવાની શરૂઆત કરું એ પહેલાં પૂજ્યશ્રીએ કહ્યું કે – વાંચી સંભળાવવાની પણ એક વિશેષ કળા છે. સાંભળનારને વાંચનારનો એકેએક શબ્દ ખૂબ સ્પષ્ટ રીતે સંભળાવો અને સમજાવો જોઈએ. આમ કહીને પૂજ્યશ્રીએ પોતે થોડું વાંચી સંભળાવ્યું અને કહ્યું કે – આ રીતે વાંચવું જોઈએ. પૂજ્યશ્રી આમ દરેક બાબતમાં ખૂબ ચોકસાઈ રાખતા હતા અને ચોકસાઈ શીખવતા હતા. મેં પણ પૂજ્યશ્રીની ઢબે, પૂજ્યશ્રીની સૂચના મુજબ ''મૃતસંજીવની'' પુસ્તકમાંનાં આશીર્વચન વાંચી સંભળાવવાનો પ્રયત્ન કર્યો. જેમાંનું સાહિત્ય નીચે મુજબ હતું.

## પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુનાં આશીર્વચન

ગણ્યા ગણાય નહીં અને વીણ્યા વિણાય નહીં, એટલા પત્રો આવતા હોય અને એટલા જ પ્રતિ-ઉત્તરો જતા હોય. કેવા કેવા પ્રશ્નો, કેવી કેવી સમસ્યાઓ અને કેવી કેવી ગૂંચવણોની રજૂઆતો થઈ હોય અને સૌનો સમાધાનનો પ્રયત્ન યથાશક્તિ, યથામતિ પ્રતિ-ઉત્તરોમાં થયો હોય. આમાંથી આપણી સમસ્યાનું સમાધાન કે આપણા પ્રશ્નનો ઉત્તર પણ મળી જાય.

ઢગલાબંધ આવેલા પત્રોમાંથી જેટલા હાથવગા રહી શક્યા છે. તેને આ પુસ્તકમાં પ્રકાશિત કરી શકાયા છે. આવા પત્રો અનેકોની વ્યથા-કથા પણ રજૂ કરતા હોય છે.

હાથવગા પત્રો પણ પ્રેરણા-પાથેયનું કે જીવનના ભાથાનું કે મૃતસંજીવનીનું કામ કોઈના માટે કરી જાય કોઈ ભાંગી પડેલાને બેઠા પણ કરે અને કોઈના જીવનમાં આધ્યાત્મિક, દિવ્ય, અલૌકિક પ્રકાશ પણ પાથરી દે, કે રોગીઓ-ભોગીઓને નૂતન જીવન પણ બક્ષે. બગાસું ખાતાં સાકરનો ગાંગડો પણ મોઢામાં આવી જાય ! આવી બધી ધારણાઓ રાખીને ઓમ્‌પરિવારના ભાઈઓએ મહાપરિશ્રમ અને અતિ મહાઉત્સાહ સાથે આટલો સંગ્રહ આમાં ('મૃતસંજીવની' પુસ્તકમાં) રજૂ કર્યો છે. સર્વનું મંગળ કરવાની ભાવનાથી પ્રેરાઈને, આ પત્રો પ્રકાશિત કરવા-કરાવવામાં, પ્રત્યક્ષ-પરોક્ષ પ્રયત્ન કરનારા સૌ ખૂબ-ખૂબ ધન્યવાદને પાત્ર છે. સર્વેનું મંગળ કરવાની ભાવના રાખનારનું મંગળ તો અનાયાસે જ થઈ જવાનું.

આધ્યાત્મિક પ્રેમીઓ, મિત્રો, જિજ્ઞાસુઓ, મુમુક્ષુઓ વગેરે; ગુરુસંતોના પ્રતિ-ઉત્તરોને, અભિપ્રાયોને, આશીર્વચનોને કેવા મંગળમય, અમોઘ અને વેદવાક્ય માનતા હોય છે તેનો એક નમૂનો આ રહ્યો –

''આપના શ્રી મુખેથી સરેલા શબ્દો વેદો જ છે. તે સંગ્રહિત કરવા, પ્રગટ કરવા તે પણ ભક્તજનોને માટે તો જીવનનો એક મોટો મંગલ પ્રસંગ ગણાય. ''શાંતા'', ''સત્સંગ-પરાગ'', ''પરિવાર પત્રિકા'' (''ૠતમ્ભરા'') વગેરે અમૂલ્ય છે. પરંતુ હીરાની પરખ તો ઝવેરીઓ જ કરી શકે. આપનું મંડળ તો ઝવેરીઓ જ છે. ત્રણે ભિક્ષુઓ પરમ ગુરુનિષ્ઠ છે. ડોકટર

સદ્‌ગુરુસમર્પણભિક્ષુ તો ''ગુરુઆજ્ઞાનો કદી લોપ ન કરવો'' ને વરેલા છે.''

દલાભાઈ હેડમાસ્તર
તા.૧૨-૭-૮૪ તેલનાર

પરમ ગુરુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેઓ આપણને એવી સમજણ આપે કે જેથી આપણે, ગુરુસંતોની આશિષો સદા આપણા પર વરસતી રહે તેવાં કાર્યો સદા કરતાં રહીએ.

**ચિંતન કરશે જે જેવું, આચરણ કરશે તે તેવું;**
**આચરણ કરશે જે જેવું, સુખદુઃખ ભોગવશે તે તેવું.**
**ગ્રહ-નક્ષત્ર-દેવ-દેવી-યક્ષ-કિન્નર, ઈશ્વર ઈશારે નાચે,**
**ઈશ્વરને છોડી ''યોગભિક્ષુ'' તું, શા માટે પાખંડ યાચે?**
**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત્ ॥**

સર્વે સુખી અને નિરોગી રહો, સૌનું શુભ થાવ, કોઈ દુઃખી ન રહો. ''અમૃત-મહોત્સવ'' નિમિત્તે પ્રગટ થતી ''મૃતસંજીવની'' સૌને સંજીવન બક્ષીને અનંતાનંદ આપો.

સદા સર્વ શુભેચ્છક

- યોગભિક્ષુના

જય નારાયણ - જય ઓમ્ ગુરુદેવ, નમસ્કાર.

ઉપરોક્ત આશીર્વચન પૂજ્યશ્રીનાં હતાં જે મેં ચોકસાઈપૂર્વક વાંચી સંભળાવ્યાં. સભામાં ઉપસ્થિત સર્વે ગુરુભાઈબહેનોને એ વાતનો ખ્યાલ આવ્યો કે ''મૃતસંજીવની''માં સંગ્રહાયેલ પત્રો દ્વારા કેવા પ્રકારનું સાહિત્ય પીરસાયેલું છે. પૂજ્યશ્રી મા અનંતાનંદ તીર્થજીએ પુસ્તકમાં પ્રકાશિત થનાર સાહિત્ય વાંચેલું અને વાંચ્યા બાદ પોતાનાં આશીર્વચન પાઠવેલાં જે પુસ્તકની શરૂઆતમાં પ્રગટ કરેલાં છે. પૂજ્ય માતાજીનાં આશીર્વચન નીચે મુજબ છે.

## શ્રી શ્રી માં અનંતાનંદ આશ્રમ
## અનંતધામ, વહેલાલ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ
(પરમ તપોમૂર્તિ-વાત્સલ્યમૂર્તિ પ.પૂ. શ્રી શ્રી ૐ મા અનંતાનંદતીર્થજીનાં -)

-: આશીર્વચન :-

આત્મસ્વરૂપશ્રી -
પ.પૂ. યોગભિક્ષુજી મહારાજ -

દિવ્યાત્માને પ્રણામ.

'મૃતસંજીવની' (પત્રસંગ્રહ) ''જયનારાયણ ગ્રંથાવલિ''નું ૨૮મું પુષ્પ પ્રગટ થઈ રહ્યું છે ત્યારે તેના પ્રારંભે પરમગુરુની આશિષ આ માધ્યમે અવતરણ કરવાની આપની પ્રત્યક્ષ વ્યક્ત થયેલી ભાવનાએ અંતરના ઊંડાણમાં ભાવભીનો સ્પર્શ કર્યો છે. (આપના) શરીરની વૃદ્ધાવસ્થા, પણ (આપના) મનની થનગનતી અધ્યાત્મ યૌવાવસ્થાનાં દર્શન કરી અતિ આનંદ થયો.

''અમૃતમહોત્સવ'' નિમિત્તે આકાર લઈ રહેલ ''મૃતસંજીવની''માંથી - પ્રગટ થનાર ભક્તોના સર્વ પત્રોમાંથી - તેમની ગુરુભક્તિ, નિષ્ઠા, ચાતકદૃષ્ટિ, મુમુક્ષુતા અને સાચું શિષ્યત્વ પ્રગટ થઈ રહ્યું છે. આપશ્રીના પત્રોમાં ગુરુ-શિષ્યોના સંબંધોનું સારતત્ત્વ, માતૃવત્ પ્રેમ, છલકતો આત્મિક ભાવ, પિતૃવત્ પાલન, આજ્ઞામાં 'ઉત્તિષ્ઠત - જાગૃત - પ્રાપ્યવાન નિબોધત' = 'ઊઠો, જાગો અને જ્ઞાન પામો''નો આદેશ ઝળહળે છે. વૈદિક યુગમાં આર્ષદ્રષ્ટાઓએ ઘોષિત કરેલા આ ત્રણે શબ્દો આપશ્રીના પત્રોમાં ક્યાંક ને ક્યાંક શિષ્યોના ચિત્તને ઢંઢોળી જતા દેખાય છે. આમ ગુરુશિષ્યોના શાશ્વત સંબંધોનો પરિચય આપતી આ પુસ્તિકા મર્ત્ય જગતને અમરત્વની પ્રસાદી પહોંચાડનાર બની રહેશે.

સાધનાપથ પર ચાલતા સાધકોના જીવનનાં લક્ષ અને દિશા સંબંધી માર્ગદર્શન પણ આ પુસ્તિકા દ્વારા પ્રાપ્ત થશે; **વળી સાધકોને એ પણ અનુભવ થશે કે મુમુક્ષુ-યાત્રી બાહ્ય રીતે એકલો દેખાતો હોવા છતાં તે ક્યારેય એકલો હોતો નથી, તેને પોતાના ગુરુદેવ-ભગવાનનું માર્ગદર્શન, સાંનિધ્ય અને હૂંફ પ્રાપ્ત થતાં જ હોય છે.**

મને આશા (શ્રદ્ધા) છે કે પૂજ્ય યોગભિક્ષુ મહારાજ દ્વારા પ્રગટ થયેલ અને થનાર 'જય નારાયણ ગ્રંથાવલિ'' વિશાળ જનસમુદાયમાંથી મુક્તિપથના પ્રવાસીઓને તેમના પથ પર દિવ્ય પ્રકાશ પાથરનાર પુરવાર થશે, પૂજ્યશ્રીની વિશ્વશાંતિની ભાવનાનાં પરિણામો બતાવનાર બની રહેશે, સાધકોને પોતાને સત્-ચિત્ત-આનંદ સ્વરૂપની પિછાણ કરાવનાર પરમ પ્રસાદ સાબિત થશે.

તા.૧-૫-૨૦૦૪ - મા અનંતાનંદ તીર્થ - ૐ

ઉપરોક્ત આશીર્વચન વાંચ્યા બાદ સભાને, પુસ્તક અંગેની એક પ્રેરણાદાયી વાત કહેવાની લાલચને હું ન રોકી શક્યો કે જે આ મુજબ હતી –

લંડન ઓમ્‌પરિવારનાં મહામના બેન પુષ્પાબેન તથા શ્રી સુરેશભાઈ અંબાલાલ પટેલ, પૂજ્ય ગુરુજીનાં અનન્ય પ્રેમી છે, તેમના સ્વર્ગસ્થ સુપુત્ર શ્રી કેતનભાઈ પણ ગુરુજીના ખૂબ પ્રેમી હતા. તેઓ અચાનક જ નાની ઉંમરમાં ઓમ્‌પુરવાસી થઈ ગયા. પોતાના એકના એક પ્રાણપ્યારા પુત્રની **પુણ્યસ્મૃતિમાં** તેમના માતાપિતાએ આ ''મૃતસંજીવની'' પુસ્તક છપાવવાનો ખર્ચ પોતાના તરફથી આપીને પોતાના પનોતા પુત્રને **દિવ્ય શ્રદ્ધાંજલિ** આપી છે. આ તેમની ઘણી ઊંચી સમજ કહેવાય. સૌ ગુરુપ્રેમીઓ તેમાંથી પ્રેરણા લેશે. પરમ ગુરુ પ્રણવ પરમાત્મા તેમને લાગેલા આ વજ્રાઘાતને સહન કરવાની શક્તિ અને સમજ આપે તેવી પ્રાર્થના. સ્વ. શ્રી કેતનભાઈનાં માતાપિતાની આ પ્રેરણાદાયી ભાવનાની પૂર્તિ કરતો નિર્ણય ''ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુપરિવાર ટ્રસ્ટ''ના ટ્રસ્ટીઓએ લીધો. ટ્રસ્ટીમંડળે ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થતા ત્રિમાસિક સામયિકના સેંકડો આજીવન સભ્યોને આ પુસ્તક વિના મૂલ્યે, ભેટ-પ્રસાદીરૂપે જુલાઈ-૨૦૦૪ના અંક તરીકે મોકલી આપ્યું છે. અસ્તુ.

પૂજ્યશ્રીએ હળવદથી આવેલ પત્રકાર શ્રી સુધાકરભાઈ જાનીને મંચ પર બોલાવીને તેમનું ખેસ ઓઢાડીને સ્વાગત કર્યું અને બે શબ્દો બોલવા કહ્યું. તેમણે પણ ઓમ્‌પરિવારના લોકકલ્યાણકારી કાર્યોની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરીને શુભેચ્છા વ્યક્ત કરી. જ્યારે જાનીભાઈ પૂજ્યશ્રીને વ્યક્તિગત મળવા આવ્યા ત્યારે પૂજ્યશ્રીએ તેમને પૂછ્યું કે તમે અમારા આ કાર્યની (ભોજનની) નોંધ લીધી કે નહીં? ત્યારે તેઓ શ્રી પ્રશ્નાર્થસૂચક દૃષ્ટિથી પૂજ્યશ્રી સામે જોઈ રહ્યા. ત્યારે પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું કે – સૌ શિષ્યો-ભક્તો પહેલાં જમ્યા, સૌએ પહેલાં નાસ્તા-પ્રસાદી લીધી અને ગુરુજી પાછળથી જમ્યા. આને પણ ક્રાંતિકારી પ્રથા જ કહી શકાયને! સામાન્ય રીતે ગુરુસંતોને પ્રથમ ભોજન કરાવવાની આપણામાં પ્રથા છે. આ સાંભળીને જાનીભાઈ તથા શ્રી રમેશ પાઠક હસી પડ્યા.

પૂજ્યશ્રીએ શ્રી રશ્મિકાંત ભટ્ટને સ્ટેજ પર બોલાવીને, તેમને ગરમ શાલ ઓઢાડીને તેમનું પણ સ્વાગત-સન્માન કર્યું. તેઓશ્રી અવારનવાર પૂજ્યશ્રીના નિવાસસ્થાને પૂજ્યશ્રીનાં દર્શને આવતા હોય છે. ક્યારેક કોઈ સંતને પણ સાથે લેતા આવે. પૂજ્યશ્રીનો આદેશ મળતાં તેઓશ્રીએ કહ્યું કે – ગુરુસંતો અનેક યુક્તિ-પ્રયુક્તિ દ્વારા આપણું કલ્યાણ જ કરતા હોય. આપણે અલ્પમતિ હોવાના કારણે ગુરુજનોની યુક્તિઓને સમજી શકતા નથી, પણ તેઓ તો જ્યારે જેવી જરૂરત લાગે ત્યારે તે રીતે આપણું કલ્યાણ જ કરતા હોય છે. આપણી પ્રકૃતિ, સંસ્કાર, પરિસ્થિતિ એ બધાંને ધ્યાનમાં રાખીને આપણી સાથે વર્તતા હોય છે. માટે આપણે તેમનું શરણ કદી ન છોડવું જોઈએ.

શ્રી રશ્મિકાંતભાઈ બાળ-બ્રહ્મચારી, યોગશિક્ષક તથા યોગદા સંસ્થાના અનુયાયી છે. ખૂબ ભણેલા છે. પૂજ્યશ્રીના આગ્રહથી તેમણે પોતાના ભણતરની ઉપાધિઓ (ડિગ્રીઓ) કહી સંભળાવી. આ સાંભળીને સૌને ખૂબ આશ્ચર્ય અને આનંદ થયો. પૂજ્યશ્રીએ કહ્યું કે –

''અહીં તેમના અતિ ઉચ્ચ ભણતરની વાત તેમની ખુશામત માટે કે પ્રદર્શન માટે નથી થઈ રહી પણ તેઓ અને તેમના જેવા બીજા ઘણા ઉચ્ચ શિક્ષિતો જે હાલ સભામાં હાજર છે તેઓ સૌ, અમારા જેવા એક સાવ અભણ પાસે આવીને અતિ નમ્ર ભાવે બેસે છે અને પોતાને અર્પણ કરી દે છે તે તરફ ધ્યાન ખેંચવા

કરી છે. પરમાત્માની પરમ કૃપા શું નથી કરી શકતી? કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથા કર્તુમ્ સમર્થ" અર્થાત્ શક્ય, અશક્ય અને શક્યાશક્યથી પણ પર કરવાને તે સમર્થ છે. અત્યારે અમને સ્વરચિત થોડી લીટીઓ યાદ આવે છે, જે 'સ્વાધ્યાય' નામની પુસ્તિકામાં રજૂ થઈ છે, જે અમે આ પ્રમાણે ગાઈ સંભળાવીએ છીએઃ

(૧) વેદ-ઉપનિષદ ભણ્યો નથી,
મહાશાળાએ હું ચડ્યો નથી,
જે વધ્યો તે ગુરુ-કૃપાથી,
"યોગભિક્ષુ" બન્યો બહુ મથી.

(૨) તું કહે છે પુસ્તકનું ચોરેલું,
હું કહું પોતે અનુભવેલું,
તું કહે છે પુસ્તકમાં લખેલું,
હું કહું મસ્તકમાં દેખેલું,

(૩) "ભિક્ષુ"ની જગમાં શું હસ્તી?
"કૃપા" વિના જાણે એ પસ્તી!
પ્રભુતણી અકળ શક્તિ!
મને ગુરુ સ્થાપ્યો જબરજસ્તી.

અમારાં માતાપિતા કહેતાં હતાં કે -
"નમે તે ગમે પ્રભુને",
એવી નીતિ બાની હતી,
"અતિથિ આવો અમ ગૃહે",
એવું કહે અમ પિતાજી.

યોગભિક્ષુજી શું કહે છે? :-
ગુરુસંતનું સ્વાગત થાયે, ભાઈ-ભાઈ જ્યાં રહે સંપથી,
સુખ-શાંતિ ત્યાં આળોટે છે, એવું કહે યોગભિક્ષુજી.

પૂજ્યશ્રીએ ઉપરોક્ત પંક્તિઓ ખૂબ પ્રભાવી ઢંગથી ગાઈ સંભળાવી. ત્યાર બાદ શ્રી રશ્મિકાંતભાઈનો વધુ પરિચય આપતાં જણાવ્યું કે –

"શ્રી રશ્મિકાંત અતિ શિક્ષિત, ખૂબ સાદા અને પરમ સાધક છે. તેમના પહેરવેશમાં એક સફેદ સાદો ઝભ્ભો અને નીચે સફેદ સાદી લુંગી, કપાળમાં સફેદ ચંદનનો રૂપિયા જેવડો ચાંદલો. જ્યારે પણ અમને મળવા આવે ત્યારે ફોન કરીને પૂછે છે કે 'બાપજી! મારે દર્શને આવવું છે, આવી શકું? અમે હા કહીએ તો જ આવે. સંત-દર્શનના અભિલાષી એવા કોઈ સંતને કે સાધકને પણ ક્યારેક સાથે લેતા આવે. આવતા પહેલાં અમારી સંમતિ જરૂર મેળવી લે. આવે ત્યારે એક-બે યોગનાં નવાં પુસ્તકો તથા પાંચ-દશ ફૂલ લાવ્યા હોય. બે ફૂલ અમારા હાથમાં આપે અને બે ફૂલ અમારા માથા પર મૂકે. અમે જવાનો આદેશ ન આપીએ ત્યાં સુધી બેસે. એમના જેવી સાત્ત્વિકતાની અને સાદાઈની સુવાસ સૌમાં પ્રસરો એ જ પ્રભુને પ્રાર્થના."

શ્રી પંકજભાઈએ પૂજ્યશ્રીને આજના મહોત્સવમાં સમયબદ્ધ યોજાનારા જુદા જુદા કાર્યક્રમોની વિગત આપેલી. એ મુજબ હવેનો કાર્યક્રમ ૮૦ ટકાથી ઉપર માર્ક્સ આવેલ વિદ્યાર્થીઓને ઇનામ વહેંચવાનો હતો. તેમાં હર્પલ યાજ્ઞિક, યથાર્થ જોશી, મુમુક્ષા પટેલ, ખુશ્બૂ પટેલ વગેરે વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ ઇનામ મેળવવાને પાત્ર હતાં. પૂજ્યશ્રીએ તે સૌને શુભેચ્છા અને અભિનંદન સ્વરૂપે સો-સો રૂપિયાનાં ઇનામો આપ્યાં અને કહ્યું કે – ઇનામમાં કેટલી રકમ છે તે ખાસ મહત્ત્વનું નથી પણ ઇનામ મળ્યું તેની મહત્તા છે. આ રીતે વિદ્યાર્થીઓને પ્રેરણા આપીને તેમનો ઉત્સાહ વધારી શકાય છે. અસ્તુ.

ગાંધીનગરથી પધારેલ શ્રી કાંતિભાઈ જોશીએ પણ પૂજ્યશ્રીના આદેશને માથે ચડાવીને બે શબ્દો શુભેચ્છા-આશિષના કહ્યા હતા. શ્રી કાંતિભાઈ વર્ષો સુધી સચિવાલયમાં પોતની પવિત્રતાની સુવાસ ફેલાવતા રહ્યા છે. તેમના નાનાભાઈ શ્રી પ્રવીણભાઈ જોશીનું ખેસ ઓઢાડીને પૂજ્યશ્રીએ સ્વાગત કર્યું અને આશીર્વાદ આપ્યા. ગાંધીનગરથી પધારેલ, સેવાના ભેખધારી શ્રી ચંદ્રકાન્ત બી. શુક્લ સ્ટેજ પર આવ્યા ત્યારે તેમને પણ પૂજ્યશ્રીએ ખેસ ઓઢાડ્યો અને આશિષ આપતાં હસતાં હસતાં કહ્યું કે તમારે તો કાયમ માટે ગુરુપૂર્ણિમાના ઉત્સવમાં આવતાં મોડું થઈ જાય છે. હળવદથી પધારેલ પરમ નિષ્કામકર્મી એવા શ્રી દલાજીને પૂજ્યશ્રીએ ગરમ શાલ ઓઢાડીને તેમનું સન્માન કર્યું. હળવદમાં સ્વસ્તિક સાર્વજનિક વ્યાયામશાળા હતી ત્યારનો તેમની જોડે પ્રેમસંબંધ.

અત્યારે તો તેમની ઉંમર પણ બ્યાંશીની આસપાસ હશે. શ્રી દલાજી આ ઉત્સવ નિહાળીને આનંદવિભોર થઈ ગયા. તેઓ પૂજ્યશ્રીના ચરણોમાં નમ્રભાવે બેસી ગયા. પૂજ્યશ્રીએ ખુરશી મંગાવીને તેમને આગ્રહપૂર્વક ખુરશી પર બેસાડ્યા. દલાજીએ કહ્યું કે – વ્યાયામશાળા માટેની જમીન આપણને મળી ગઈ છે. પૂજ્યશ્રીએ કહ્યું કે –

''પરમ શ્રદ્ધેય શ્રી ચંદુભાઈ તથા શ્રી નંદલાલ મને ગયે વર્ષે મળવા આવ્યા ત્યારે આ વાત કરી હતી અને તેમણે કહ્યું હતું કે 'વ્યાયામશાળાની ઉદ્‌ઘાટન વિધિ આપના શુભ હસ્તે કરાવવી છે.' ત્યારે અમે કહેલું કે આવાં કાર્યોમાં હાજરી આપવી એ તો અમારો આનંદનો વિષય છે. પણ શરીર નરમગરમ રહેવાના કારણે હાજર રહી શકાતું નથી. હળવદથી આવા જ અન્ય પ્રસંગોએ, મિત્રો-પ્રેમીઓ દ્વારા અવારનવાર હાર્દિક આમંત્રણો મળતાં જ રહે છે પણ નરમ તબિયતના કારણે કોઈને સંતોષ આપી શકાતો નથી તેનું દુઃખ છે. ઓમ્‌પરિવારના કાર્યક્રમોમાં મન મજબૂત કરીને હાજરી આપું છું. પરમગુરુ પરમાત્માની દયાથી આટલું થઈ શકે છે.''

શ્રી દલાજી પૂજ્યશ્રી સાથે ઉપરોક્ત વાતો કરી પોતાના સ્થાને ગયા. તેઓ તેમના એક પરિચિતને કહેતા હતા કે – ''મને પણ ઓળખનારું કોઈ નીકળ્યું ખરું. બાકી તો, સૌ કોઈ, આપણું કામ હોય ત્યાં સુધી કામ લઈને પછી આપણને છોતરાંની જેમ ફેંકી દે છે. આજે અહીં હાજર રહીને મને ખૂબ આનંદ થયો છે.''

આમ જૂના, નવા, વડીલો, પરિચિતો વગેરે સૌ સાથે પરમ આત્મીયતાથી વર્તીને પૂજ્યશ્રી સૌને સંતોષ આપવાનો પ્રયત્ન કરતા હતા.

આજના ગુરુપૂર્ણિમાના દિવસે સવારમાં જ અમેરિકા, કેનેડા તથા બહારગામથી પંદર-સત્તર ફોન આવ્યા અને સૌએ પૂજ્યશ્રીને ફોન ઉપર જ વંદન કરી ઘણી વાતો કરી. શરીર નરમ અને સવારથી જ ઘણું બોલવાનું થયું તેથી હોલ ઉપર આવ્યા ત્યારે પૂજ્યશ્રીની તબિયત નરમ લાગતી હતી. પ્રારંભમાં ગુરુદેવ ધીમે ધીમે બોલતા હતા. વચ્ચે વચ્ચે સભામાં આંટો મારીને સૌની હાજરીની નોંધ પણ લેતા હતા. એક વખત ઓમ્‌પરિવારના બુકસ્ટોલનું પણ નિરીક્ષણ કરી આવ્યા. વચ્ચે એક વાર ડોક્ટરભિક્ષુ પાસે બ્લડપ્રેશર પણ મપાવ્યું. જેમ જેમ સમય વ્યતીત થતો ગયો તેમ તેમ પૂજ્યશ્રીના પ્રભાવી ધ્વનિથી હોલ ગાજવા લાગ્યો. પૂજ્યશ્રીના પ્રવચનના એકે એક શબ્દ પ્રાણઉર્જાથી ભરેલા નીકળતા હતા. વર્ષો પછી પૂજ્યશ્રીનો આવો ધ્વનિ સાંભળવા મળવાથી સભામાં ઉત્સાહનું મોજું ફેલાઈ ગયેલું. કોઈ કોઈ ગુરુભાઈબહેનો તો આપસમાં વાતો પણ કરતાં હતાં કે – ત્રણ-ચાર વર્ષ પછી આજે ફરીને પૂજ્ય ગુરુદેવની આવી જુસ્સાભરી, નિજાનંદી મસ્ત વાણી સાંભળવા મળી. પરિવારજનો પણ ઘેર જઈને ગુરુજીને કહેતા હતા કે – આજે અમને આપનો અસલ અવાજ સાંભળીને ખૂબ આનંદ થયો, એમ થતું હતું કે જાણે સાંભળ્યા જ કરીએ. પણ ડર લાગતો હતો કે કદાચ ચક્કર આવે કે અવાજ બેસી જાય.

આજના ઉત્સવમાં ભાગ લેવા મુંબઈ, ભાવનગર, ખંડેરાવપુરા, જયદેવપુરા, જેસંગપુરા વગેરે તમામ ગામો-શહેરોમાંથી ઓમ્‌પરિવારનાં ભાઈબહેનો પધારેલાં. તે સૌ સાથે પૂજ્યશ્રીએ વ્યક્તિગત રીતે મળીને, ખબરઅંતર પૂછીને સૌને આશિષ આપ્યા. અસ્તુ.

પૂજ્યશ્રીએ આશીર્વચન-પ્રવચનમાં ઘણા બધા ઉલ્લેખો સાથે સાથે ડોક્ટર શ્રી મહેરવાન ભામગરાના પુસ્તક ''આપણી અંદરનું બ્રહ્માંડ'' વિષે પણ થોડો ઉલ્લેખ કરતાં કહ્યું કે –

''થોડા દિવસ પહેલાં જ અમને આ અદ્વિતીય પુસ્તક તેમના (ડૉ. ભામગરા) દ્વારા ટપાલથી ભેટ મળ્યું. ''પિંડમાં જે, બ્રહ્માંડમાં તે'' તેનો તેમાં સાક્ષાત્કાર થાય છે. ઘણી બધી જીવનોપયોગી, જીવન-આરોગ્યની અતિ જરૂરી માહિતીઓના ખજાના સમાન છે આ ગ્રંથ. અતિ સામાન્ય અને અતિ અસામાન્ય તથા આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક વિષયોને તેમણે આમાં આવરી લીધા છે, સ્પર્શ્યા છે, ચર્ચ્યા છે. એમના અમુક અલૌકિક કલ્પનાવિહારો તો સામાન્ય માણસને અત્યારે શેખચલ્લીના વિચારો જેવા પણ લાગે કદાચ. ખૂબ ધૈર્ય,

ઉત્સાહ અને ધ્યાનપૂર્વક આ ગ્રંથનું અવલોકન કરવાથી જ આ ગ્રંથની ખરી મહત્તા-ઉપયોગિતા સમજાય.

''જીવન-મૃત્યુને; સ્વાર્થ-પરમાર્થને; લાભ-હાનિને; ધન-તન-મન-વિચાર-વાણી-વર્તનને; રોગી-નિરોગીને; ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલીન તમામ પથી-પદ્ધતિઓને; જ્ઞાન-અજ્ઞાન-વિજ્ઞાન-અતિન્દ્રિયજ્ઞાન આદિને તથા વૈદ્ય-ડૉક્ટર-નિસર્ગોપચારક-વૈજ્ઞાનિક અને એવા ગણ્યા ગણાય નહીં તેવા સર્વ વિષયો, પ્રસંગો, બાબતો વગેરે સર્વાંગને મૂળમાંથી, તાત્ત્વિક ઢબે સમજવા-સમજાવવાનો પૂર્ણ પ્રમાણિક પ્રયત્ન કર્યો છે તેમણે. વાચકના ગજા બહારની કોઈ વાત, વાચકને ક્યારેક 'બાલની છાલ ઉતારવા જેવી' પણ લાગે. પણ તેમણે તો તેમને જે સર્વોદયી, સર્વોપયોગી લાગ્યું તે નિઃસંકોચ અને નિર્ભય રીતે રજૂ કર્યું છે. જો કે મુદ્રણની ભૂલોનો તો કોઈ પાર નથી. મુદ્રણદોષના કારણે ક્યાંક ક્યાંક અર્થનો અનર્થ પણ થઈ જતો હશે કદાચ. પણ પુસ્તકના પ્રથમ પાને જ રબરનો સિક્કો લાગેલો છે કે - 'મુદ્રણની ભૂલો માટે ક્ષમા સાથે.'

'પ્રભુને પ્રાર્થના છે કે આવા ક્રાંતદ્રષ્ટા-ભ્રાંતહર્તા, બહુમુખી પ્રતિભાની ૠતમ્ભરા-પ્રજ્ઞા, સમસ્ત જીવ-જગતના જડપણાની આરપાર નીકળી જાય.' અસ્તુ.

પૂજ્યશ્રીએ ઈંદોરવાળા પૂજ્ય સ્વામી માનવમુનિજીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે -

''તેઓ શ્રી અત્યંત નિરાભિમાની છે. ૯૪ વર્ષની અત્યારે ઉંમર છે. તેઓની પ્રથમ મુલાકાત અમારે ચિંચણીમાં પૂજ્યશ્રી સંતબાલજીના આશ્રમમાં થયેલી. ત્યારથી તેઓ અમારી સાથે ગાઢ પ્રેમસંબંધથી બંધાઈ ગયા છે. ઓમ્‌પરિવારના કાર્યક્રમોની જેટલી આમંત્રણ-પત્રિકા તેમને મળે તેનો ઉત્સાહપ્રેરક પ્રતિઉત્તર તેઓ આપે, આપે અને આપે જ. આટલી ઉંમરે આટલો ચોક્સાઈવાળો સ્વભાવ જવલ્લે જ જોવા મળે. વળી તેઓ અમારા માટે જે સંબોધનો કરે છે, તેના દ્વારા તેમના સ્વભાવની મોટાઈનો આછેરો ખ્યાલ આવી શકે. તા.૨-૭-૦૪ના પત્રમાં તેઓ લખે છે કે''

**પૂજ્ય સ્વામી માનવમુનિજીનો પત્ર**

વિશ્વશાંતિ કે મસીહા, ઓમ્‌પરિવાર કે સંસ્થાપક, ધ્યાન યોગી, સરલ સ્વભાવી, ઉદાર હૃદય, (યુગ પુરુષ) પરમ પૂજ્ય શ્રી યોગભિક્ષુજી.

આપકા આત્મીયતા કા ભાવ લંબે અર્સે સે હૈ. સમય સમય પર આપકા આશીર્વાદ મિલતા રહતા હૈ.

સમસ્ત ઓમ્‌પરિવાર એક વિશાલ પરિવાર હૈ, જો માનવજીવન કે લિએ પૂજ્ય યોગભિક્ષુ કે આત્મબોધ-જ્ઞાન સે સાર્થક બના રહે. હાર્દિક અભિનંદન. ગુરુપૂર્ણિમા - દિનાંક ૨-૭-૦૪

- વિનમ્ર બાલક માનવમુનિ

થોડાં વર્ષો પૂર્વે ઈંદોર તેમના 'વિસર્જન આશ્રમ'માં જવાનું થયેલું. ત્યાં તેમનાં અમુક પુસ્તકો જોવા મળ્યાં અને ત્યારે તેમની સાચી મહાનતાનો ખ્યાલ આવ્યો. તેમનું જીવન સાચા ત્યાગ-વૈરાગ્ય અને સંયમ-નિયમથી ભરપૂર છે. આવા સંતો જ આર્યસંસ્કૃતિનો શણગાર અને માનવતાનો પ્રાણ છે.''

પૂજ્યશ્રીએ ડૉક્ટર ભામગરાજીના પુસ્તકનો તથા સ્વામી માનવમુનિજીના પત્રનો ઉલ્લેખ કર્યા બાદ બાજુમાં પડેલા ટેબલ પરથી સ્વહસ્તે નોંધેલા મુદ્દાઓના કાગળને હાથમાં લીધો. જે મુદ્દાઓનો ઉલ્લેખ થઈ ગયો હતો તેની નોંધ કરી. હજી થોડા વિષયો ઉપર વાત કરવાની બાકી હતી. તે મુદ્દાઓ યાદ કરી, ચાલુ કાર્યક્રમે ડૉક્ટરભિક્ષુજી પાસે પોતાનું બ્લડપ્રેશર મપાવ્યું. પછી એ બાબતનો ખુલાસો કરતાં કહ્યું કે -

''ચાલુ કાર્યક્રમે બ્લડપ્રેશર મપાવવાથી ઉપસ્થિત સૌને ખબર પડી જાય કે ગુરુજીની તબિયત નરમ-ગરમ છે અને તેથી કોઈને પૂરો સંતોષ ન આપી શકાય તો તેને દુઃખ ન થાય, તે જાતે જ પોતાના મનનું સમાધાન કરી લે કે, જાતે જ સમજી લે કે ગુરુજીની તબિયત નરમ છે અને મને પોતાને પણ ખબર પડી જાય કે મારે કેટલા જુસ્સાથી બોલવું. આમ 'એક પંથ દો કાજ' થયાં.''

ગુરુપૂર્ણિમા પહેલાં એક ભાઈ 'ઓમ્ ગુરુ ઓમ્' મંત્ર લખેલી નોટબુક ગુરુજીને આપી ગયેલા. આ બાબતનો ઉલ્લેખ કરતાં પૂજ્યશ્રીએ કહ્યું કે -

''આ નોટબુકમાં મંત્રનો સરવાળો કરીને જે સંખ્યા લખી છે તે ખોટી છે. નોટબુકમાં અમુક પાનાં છે. દરેક પાનામાં અમુક લીટીઓ છે અને દરેક

લીટીમાં અમુક મંત્ર લખેલા છે; તો કુલ મંત્રો કેટલા થયા? સભામાં સૌ ખૂબ ભણેલા મહાનુભાવો હાજર છે. કોણ ઝડપથી જવાબ આપે છે?" જવાબ મળતાં થોડી વાર થઈ એટલે પૂજ્યશ્રી કહે કે, "બહુ વાર લાગી. અમે તો અભણ છીએ અને ગણિતમાં ઢબુનો 'ઢ' એટલે અમને તો વાર લાગે પણ તમને વાર ન લાગવી જોઈએ. આ પ્રસંગથી અમને અમારાં બાળપણનાં સંભારણાં તાજાં થાય છે. -

હળવદમાં અમારા ઘરની બાજુમાં એક સુથાર સદ્‌ગૃહસ્થનું ઘર છે. તેમાં તે વખતે એક જૈન ભાડુત રહે. તેનો દીકરો અને અમે સાથે રમીએ. એક વખત તે પોતાના ઘરની અંદર બારી પાસે ઊભેલો અને અમે બહાર બારી પાસે ઊભેલા. બંને વાતો કરીએ. તે કહે - તને અંગ્રેજી બાર મહિનાનાં નામ આવડે? મેં કહ્યું, હા. તે કહે, બોલી બતાવ. મેં કહ્યું, બોલી જાઉં તો શું આપીશ? તે કહે - એક રૂપિયો. મેં કહ્યું, પહેલાં આપ, પછી બોલું. તેણે બારીમાંથી હાથ બહાર કાઢીને મને એક રૂપિયાની નોટ આપી. હું તુરત જ બાર મહિનાનાં નામ બોલી ગયો અને બોલીને તુરત જ ત્યાંથી ભાગી ગયો, એ બીકે કે કદાચ બહાર નીકળીને તે, નોટ પાછી પડાવી લે તો? એણે નોટ પહેલાં આપી કારણ કે તેને અમારા પર વિશ્વાસ હતો, અમે તેને વિશ્વાસ મૂકવા જેવા લાગ્યા. અમે નોટ પહેલાં માંગી, અમને તેના પર વિશ્વાસ ન બેઠો. આવો જ એક બીજો પ્રસંગ –

ખંડેરાવપુરાની સાવ બચપણની વાત. ત્યાં પ્રભુદાસ મુખીની દુકાન હતી. તેમાં એક વાર માધાભાઈ બેઠેલા. તેઓ મને એ વખતે ભાણો કહે. (અત્યારે તો તેઓ ગુરુજી માને છે.) અમારા મામા તેમના મકાનમાં રહેતા. માધાભાઈ કહે - ભાણા, પેઈન્ટરમામા (અમારા મામા) તો કહેતા હતા કે તને હજુ આઠ વારનાં નામ પણ નથી આવડતાં. અમે કહ્યું કે બરાબર આવડે છે. તેઓ કહે - બોલી બતાવ. મેં કહ્યું કે શું આપશો? તેઓ કહે - મૂઠી ભરીને ગોળિયું (પિપરમિન્ટ). અમે કહ્યું કે પહેલાં આપો. તેમણે આપી અને અમે આઠ વારનાં નામ બોલી ગયા અને પછી તુરત ભાગી ગયા. શા કારણે ભાગી ગયા તે તો તમે સમજી જ ગયા હશો. બચપણથી જ અમારો આવો માનવસ્વભાવ-પારખુ સ્વભાવ હતો. કારણ? પૂર્વજન્મનો સંસ્કાર-વારસો.

ગણિતની વાત ચાલતી હતી તેમાંથી આ સંભારણાં સાંભળી આવ્યાં. અત્યારે પણ રૂપિયાની નોટો ગણીને અમે ખિસ્સામાં મૂકીએ કે બે મિનિટમાં જ ભૂલી જઈએ અને ફરી ગણીએ. નિશાળે જવામાં કે ભણવામાં રસ જ નહીં. રસ વિના કાંઈ પણ યાદ ક્યાંથી રહે? જો રસ પડે તો યાદ રહે, અને યાદ રહે તો રસ પડે. બંને પરસ્પર પુષ્ટિકર્તા. અમે સંસ્કૃત નથી ભણ્યા છતાંય પાતંજલ યોગદર્શન કંઠસ્થ છે. કેમકે તેમાં રસ પડ્યો. ગત જન્મોમાં જેમાં ખૂબ રસ લીધો હોય અને જે કાંઈ બાકી રહી ગયું હોય તેમાં આ જન્મે ખૂબ રસ પડે અને અધૂરું કામ પૂરું થતાં વાર ન લાગે. અસ્તુ."

પૂજ્યશ્રી કાર્યક્રમ દરમ્યાન થોડી થોડી વાતો આનંદ આપે તેવી અને માથા પર ભાર ન લાગે તેવી રજૂ કરતા જતા હતા. જેથી સાંભળનારને સુસ્તી ના ચડે અને ચડી હોય તો ઊતરી જાય. જો કેવળ જ મોક્ષ, કલ્યાણ, અધ્યાત્મ, સ્વાધ્યાય, સત્સંગની ભારેખમ વાતો ચાલ્યા કરે તો "ઊંઘ બગાસાં મોકલે ..." જેવું થાય. પૂજ્યશ્રીએ આશીર્વચન આપતાં કહ્યું કે –

### જગત મિથ્યા

"બ્રહ્મ સત્યં જગત મિથ્યા" એ સૂત્ર જેમણે પણ કહ્યું હોય, સનાતન સત્ય જ છે. આપણી નિદ્રાવસ્થા અને જાગૃતાવસ્થા જુદી છે. આપણી જાગૃતાવસ્થા જ્ઞાનીઓ માટે તો નિદ્રાવસ્થા સમાન જ છે. આપણે જાગૃતાવસ્થામાં સત્ય માનીને જે જગતનો અનુભવ કરીએ છીએ તે જ્ઞાનીના મતે એક આભાસ માત્ર, સ્વપ્ન માત્ર છે. આ રહસ્યને ટીવીના માધ્યમથી સમજવાનો પ્રયત્ન કરીએ :

ટેલિવિઝનના પડદા ઉપર આપણે ઘણું બધું જોઈએ છીએ – સ્ત્રી-પુરુષો, પશુ-પક્ષીઓ, ઝાડ-પાન-ફળ-ફૂલ, સુવાળું-ખરબચડું, ગળ્યું-ખાટું-મીઠું-તીખું વગેરે. આ બધું જોવા-અનુભવવા છતાંય આપણે બરાબર સમજીએ છીએ કે આ બધું સાચું નથી; આભાસમાત્ર છે, પ્રકાશ-છાંયનો ખેલ માત્ર છે,

ટીવીનો કાચનો પડદો માત્ર છે. ટીવી પર દૃશ્યમાન થતી કોઈપણ ચીજને સ્પર્શ નથી કરી શકાતો, નથી ખાઈ-પી શકાતી, નથી સૂંઘી શકાતી. ટીવી પરના ફૂલને સૂંઘવા જઈએ કે ફળને ખાવા જઈએ કે કોઈ અતિ આકર્ષક પદાર્થને પકડવાનો - સ્પર્શ કરવાનો પ્રયત્ન કરીએ ત્યારે ત્યાં એ કાંઈ જ નથી હોતું, માત્ર ટીવીનો કાચનો પડદો જ હોય છે. તેમ –

''જ્ઞાની માટે આ દૃશ્યમાન સ્થૂળ જગત આભાસ માત્ર છે, બ્રહ્મના પડદા પર થતા - ઊપસી આવતા મિથ્યા આકારો માત્ર, પ્રતિભાસો માત્ર છે. આ બધા આભાસો ચક્ષુ-ઇન્દ્રિયને છેતરી શકે છે, કર્ણ-ઇન્દ્રિયને ભ્રમમાં નાખી શકે છે. પણ જીવ્હાને, નાસિકાને અને સ્પર્શેન્દ્રિયને છેતરી શકતા નથી. ટીવીના પડદા પર દેખાતા લાડુનો સ્વાદ પણ લઈ શકાતો નથી, કે ગંધ પણ લઈ શકાતી નથી, કે તેનો સ્પર્શ પણ કરી શકાતો નથી. છતાંય એ દૃશ્યો આપણા ચિત્તને-લાગણીઓને ઉશ્કેરી શકે છે.

''તાત્પર્ય એ કે અમુક ભૂમિકા સુધી જ આ સ્થૂળ જગત, જગતરૂપે ભાસે છે. ભૂમિકાનું ઊર્ધ્વારોહણ થતાં જ સર્વ કાંઈ ચિન્મય ભાસે છે. વહેલે-મોડે પણ સૌએ ઊર્ધ્વ ભૂમિકાએ પહોંચવું જ જોઈએ. એમાં જ મનુષ્યજન્મની સાર્થકતા છે.''

ગુરુપૂજનનો સમય થઈ ગયો હતો. ગુરુપ્રેમીઓની સંખ્યા જોતાં વ્યવસ્થાપકોનો અંદાજ હતો કે ગુરુપૂજનમાં લગભગ દોઢેક કલાકનો સમય લાગશે. ગુરુદેવ આટલો લાંબો સમય બેસી શકે તેવી તેમની સ્થિતિ ન હતી. તેથી વ્યવસ્થાપકોએ સ્ટેજ પર બે બાજુએ ચાખડીની જોડી મૂકી કે જેથી એક બાજુ બહેનો અને એક બાજુ ભાઈઓ પૂજન કરી શકે. આ પૂજનવિધિ મરજિયાત હતી. સ્વયંસેવકોએ સ્ટેજ પર બંને બાજુએ ચાર પુસ્તકોનો એક સેટ એવા લગભગ ૨૫૦ સેટ પણ ગોઠવ્યા, કે જે નૈષધભાઈ વ્યાસ તથા ઓમ્‌પરિવાર ટ્રસ્ટ તરફથી ઉપસ્થિત સૌ કુટુંબોને જ્ઞાનદાનના ભાગરૂપે, ગુરુપૂર્ણિમાની પ્રસાદી તરીકે ભેટ આપવાના હતા. આ પુસ્તકોના સેટ ગોઠવાતા હતા તે દરમ્યાન આ વિષે બોલતાં પૂજ્યશ્રીએ કહ્યું કે :

''નૈષધભાઈએ તો પોતાનું નામ જાહેર કરવાની ના પાડી હતી છતાંય અમે એટલા માટે જાહેર કરીએ છીએ કે સૌને આમાંથી, ઉત્તમ પ્રેરણા મળે અને ખબર પડે કે પુસ્તકના સેટ ભેટ આપનાર કોઈ મોટા શેઠ-શાહુકાર કે મિલમાલિક કે નેતા-અભિનેતા નથી પણ આપણામાંના જ એક સામાન્ય મનુષ્ય જ છે. જો તે આવું - પૂજ્ય ગુરુદેવના સત્‌સાહિત્યના પ્રચારનું - ઉત્તમોત્તમ કાર્ય કરી શકે છે તો આપણે કેમ ન કરી શકીએ? જરૂર કરી શકીએ. આપણે અવારનવાર કહીએ છીએ કે ઓમ્‌પરિવારમાં જ્ઞાનક્ષેત્ર ચાલે છે. કોઈ અન્નક્ષેત્ર ચલાવે છે, તો કોઈ વસ્ત્રક્ષેત્ર ચલાવે છે, તો કોઈ બીજી અન્ય રીતે સમાજોત્થાનનું કાર્ય કરતા હોય છે. ઓમ્‌પરિવાર મુખ્યતઃ સત્‌સાહિત્યના પ્રચાર-પ્રસાર દ્વારા જનજાગૃતિ લાવવાનો પ્રયત્ન કરે છે. આવી ઉત્તમ ભેટ-પ્રસાદી (સત્‌સાહિત્ય) આપનાર અને પામનાર સર્વે ધન્યવાદને પાત્ર છે. સત્‌સાહિત્યના ચિંતન-મનન દ્વારા ભ્રમણાઓ ભાંગે છે અને સાચી સમજણ પ્રાપ્ત થાય છે. કોઈપણ પ્રકારની સ્થૂળ ભેટ-પ્રસાદી અમુક સમય સુધી જ સાથ આપે છે, જ્યારે સાચી સમજણ જન્મોજન્મ સાથ આપે છે. ઓમ્‌પરમાત્માને પ્રાર્થના છે કે આપણને સૌને સાચી સમજણની ભેટપ્રસાદી આપે, જેથી આપણે સૌ પણ અન્યોને આવી ભેટપ્રસાદી આપી શકીએ. અસ્તુ.''

પૂજ્યશ્રી આટલું કહી પંદર-વીસ મિનિટ માટે આરામ કરવા બાજુની રૂમમાં ગયા. તેઓ પાછા આવ્યા ત્યાં સુધીમાં તો બહેનોની પૂજનવિધિ પતી ગઈ હતી, ભાઈઓની ચાલતી હતી. પૂજ્યશ્રી પોતાની બેઠક પર બેઠા-બેઠા સૌ પર અક્ષત(ચોખા)ના દાણા નાખી આશિષ આપતા હતા. આમ ગુરુપૂજનનો કાર્યક્રમ પૂરો થયો. ત્યારબાદ સૌ ભોજન-પ્રસાદ લઈ છૂટાં પડ્યાં.

ગુરુપૂર્ણિમાના બીજા દિવસે રાજકોટવાળાં એક બેન ગુરુજીનાં દર્શને ગુરુજીના નિવાસસ્થાને આવ્યાં. ખૂબ આનંદથી ગુરુપૂનમના ઉત્સવની ખૂબ વાતો કરવા લાગ્યાં. પૂજ્યશ્રી કહે કે – ''પણ ગુરુપૂનમના ઘણા બધા કાર્યક્રમોમાં એક ક્રમ ભુલાઈ ગયો. દર વર્ષની જેમ આ વખતે પણ સૌને એક એવો નિયમ-વ્રત લેવડાવવાનો હતો, કે આવતી ગુરુપૂર્ણિમા સુધી જેઓ તળેલું ન

ખાવાનો આજે નિયમ લે તેઓને ગુરુજીનાં ચરણ પર ફૂલ ચડાવવાની છૂટ. આમ જાહેર કરવાથી એ ખબર પડત કે નિયમ લેવા કેટલા તૈયાર થાય છે? આ રીતે નિયમ લેનારનું આરોગ્ય પણ જળવાય અને થોડા જ ગુરુપ્રેમીઓ તૈયાર થાત એટલે અમારે ખુરશીમાં લાંબો સમય બેસી રહેવું પણ ન પડત. પણ આ વાત ભુલાઈ ગઈ તે સારું જ થયું, સૌની બાંધી મૂઠી રહી ગઈ. બાંધી મૂઠી રહે તે જ સારું કહેવાયને?"

પૂજ્યશ્રીની ઉપરોક્ત વાત સાંભળીને એ બેન ઉત્સાહમાં આવી ગયાં અને એમણે તો બાર માસ સુધી કોઈ પણ તળેલી વસ્તુ ન ખાવાનું વ્રત લઈ લીધું. પૂજ્યશ્રી આવી અનેક યુક્તિ-પ્રયુક્તિ દ્વારા સૌના આરોગ્યની પણ સંભાળ રાખવાનો પ્રયત્ન કરતા હોય છે. તે દિવસે સાંજે એક બીજાં બેન આવ્યાં અને સ્ટીલનો નાનો ડબ્બો પૂજ્યશ્રીના ચરણોમાં મૂક્યો. પૂજ્યશ્રીએ પ્રશ્નાર્થસૂચક દૃષ્ટિએ તેમની સામે જોયું. તો તેમણે કહ્યું કે – "આમાં લાડુનો પ્રસાદ છે. મારા પુત્રને બેંકમાંથી સસ્પેન્ડ કર્યો હતો પણ આપને ચિંતા થાય તે માટે તે વાત અમે આપને નહોતી કરી. ગઈ કાલે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ પતાવીને અમે ઘેર ગયાં ત્યારે જોયું તો નોકરી પર ચઢી જવાનો ઓર્ડર આવી ગયો હતો." તે બહેને વાત આગળ ચલાવતાં કહ્યું કે – "હોલ ઉપર એક ભાઈની ઘડિયાળ ખોવાઈ ગઈ હતી. તેથી તેઓ ઘડિયાળ ગોતતા ગોતતા પગથિયાં ઊતરીને નીચે ફૂટપાથ સુધી ગયા. ફૂટપાથ પાસે રિક્ષાઓ પડી હતી. ત્યાં આઘાપાછા થતા હતા ત્યાં જ એક રિક્ષાવાળા ભાઈએ તેમને બોલાવ્યા અને કહ્યું કે તમારી ઘડિયાળ મારી રિક્ષામાં પડી ગઈ છે તે લઈ જાવ! આમ, આવા અનેક પ્રસંગો અમે જોયા છે અને તેથી લાગે છે કે અમારા સૌ ઉપર ગુરુકૃપા છે." બહેનની આ વાતો સાંભળી પૂજ્યશ્રીએ કહ્યું કે –

"આપણા બધા ઉપર પરમગુરુ પ્રણવપરમાત્માની પરમ કૃપા છે. આ રહસ્યને બરાબર સમજી-પચાવીને જીવન જીવીએ. ચમત્કારો જેવી જે ઘટનાઓ ઘટે છે તે બધી, મનુષ્યનો પુરુષાર્થ અને પરમાત્માને કરેલી પ્રાર્થનાનું ફળ છે. પોતાના જીવનમાં ઘટતી અલૌકિક ઘટનાઓને જેઓ ગુરુજનોની કૃપા માને છે તેઓ ખરેખર મહાન છે, ગુણગ્રાહી છે, નિરહંકારી છે. ગુરુસંતો પણ અનેક સમસ્યાઓ અને વ્યાધિઓથી ઘેરાયેલા હોય છે. ગુરુજનોની ખરી મહત્તા તો એ છે કે તેમણે વિશ્વના તમામ જીવોના કલ્યાણ અર્થે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હોય છે. બાકી ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં તો તેઓ પણ સર્વસામાન્ય મનુષ્યોની જેમ જ જીવતા હોય છે. સાચા ગુરુ અને સાચા શિષ્યો બંને ધન્ય છે, બંનેનું જીવન સાર્થક છે. સમાજના મન તથા માનસને સ્વસ્થ તથા સાત્ત્વિક રાખવામાં તેમનો ઘણો મોટો ફાળો હોય છે. અસ્તુ."

## સેવા-ભાવના

ડાકોરથી શ્રી રમેશભાઈ ઉપાધ્યાયે અમુક રકમ ઓમ્ પરિવારને ગુરુપૂર્ણિમા નિમિત્તે ભેટ-સેવારૂપે મોકલી. ઓમ્ પરિવારે તેમને થોડાં પુસ્તકો ભેટ-પ્રસાદીરૂપે મોકલ્યાં. થોડા દિવસ પછી તે બધાં પુસ્તકો તેમણે પાછાં મોકલ્યાં અને સાથેના પત્રમાં લખ્યું કે - "આ રકમ તો મેં સેવા અર્થે મોકલી છે. જો આટલી રકમનાં આટલાં બધાં પુસ્તકો હું સ્વીકારું તો સેવા ક્યાં રહી? બે પુસ્તિકા મેં પ્રસાદી રૂપે રાખી છે, બીજાં પુસ્તકો પાછાં મોકલું છું."

શ્રી રમેશભાઈની સેવાની ભાવના ઘણી ઊંચી કહેવાય. જો કે તેમણે પુસ્તકો રાખ્યાં હોત તોપણ તેમની સેવાભાવનામાં કાંઈ જ ત્રુટિ ન આવત. પરમાત્મા તેમની સેવા-ભાવનામાં ખૂબ વૃદ્ધિ કરીને મનુષ્યજન્મ સફળ કરાવે.

## નીરોગિતાનો સૂક્ષ્મ નિયમ

- યોગભિક્ષુ

એક ભક્ત-પરિવારના અતિ આગ્રહથી ત્રણેક દિવસ તેમના ઘરે રહેવાનું થયું. રાત્રે રસોડામાં બધા જમતા હતા ત્યારે હું રસોડામાં ગયો તો જોયું કે - તેમનો મોટો દીકરો અને તેમનાં પુત્રવધૂ તથા તેમનો નાનો દીકરો અને તેમનાં પુત્રવધૂ તથા તેમના ભાઈ અને ભાઈની દીકરી એક થાળીમાં સાથે જમતાં હતાં. આ જોઈ મેં હસતાં હસતાં કહ્યું કે વાહ! આ તો બહુ સરસ. તે પતિપત્નીને પણ મેં કહ્યું કે તમે પણ એક થાળીમાં જમો અને બા-બાપાએ (બહેનનાં સાસુ-સસરાએ) પણ શા માટે જુદી

થાળીમાં બેસવું જોઈએ? આમ તમને સૌને તો કંપની મળી ગઈ પણ મારે કોની સાથે બેસવું? પછી મેં જ કહ્યું કે હું હનુમાનજીનો ફોટો સામે રાખીશ. આ રીતે હનુમાનજીની વાત યાદ આવી ગઈ તેથી તે થોડી આગળ ચલાવી.

શ્રી રામ કહે છે કે હનુમાનજીની સેવા મહાન છે. હું તેમનો બદલો કેવી રીતે વાળી શકીશ? ત્યારે શ્રી હનુમાનજી હાથ જોડીને કહે છે કે – ''પ્રભુ! તમારે બદલો વાળવાની જરૂરત નથી. જો આપ બદલો વાળો તો તો હું હેરાન થઈ જાઉં. મારે પત્ની હોવી જોઈએ અને તે માટે મારે પરણવું પડે અને પછી મારી પત્નીનું હરણ થાય અને તમે તેને પાછી લાવી આપો; ત્યારે બદલો વળી શકે ને? આ બધું કરવા માટે મારી શી દશા થાય! પ્રભુ! મને તો આપના દર્શન માત્રથી બધું જ મળી રહે છે.'' (આટલો પ્રસંગ જ્ઞાન સાથે ગમ્મત માટે છે.)

બંને પતિ-પત્નીને અને બાપ-દીકરીને સાથે એક થાળીમાં જમતા જોઈને આનંદ થયો. કહ્યું છે ને કે ''અન્ન નોખાં તેના મન નોખાં (જુદાં).'' પણ સાથે સાથે આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિએ પણ વિચાર કરીએ તો કહ્યું છે કે માતાએ પોતાના બાળકને પણ બચી ન કરવી જોઈએ. કોઈએ કોઈનું એઠું અન્ન કે પાણી ખાવુંપીવું ન જોઈએ. કારણકે એમ કરવાથી એકબીજાને પરસ્પરનો ચેપ-રોગ, સૂક્ષ્મ રોગકિટાણુ લાગે છે અને તેથી રોગી થઈ જવાય છે. તંદુરસ્તી જાળવવા માટે તેના નિયમોનું ચુસ્ત પાલન થાય તે હિતાવહ છે. પ્રેમ અને લાગણી એ કોઈ પ્રદર્શનની વસ્તુ નથી, એ તો અંતરના ઊંડાણમાં ખૂબ છુપાવીને સુરક્ષિત રાખવાની વસ્તુ છે. **કોઈને ઈર્ષા કરવાનો મોકો મળી જાય એવું આપણા પ્રેમનું છીછરું પ્રદર્શન ન હોવું જોઈએ. પ્રેમને સીધો આત્મા સાથે સંબંધ છે, તેથી ઓછું પ્રેમને બીજું કાંઈ ખપતું નથી.**

## પ્રેરણાદાયી પત્ર

**સુધાકર જાની**
એમ.એ., બી.એડ્., એલએલ.બી.
પ્રેસ પ્રતિનિધિ, હળવદ
તા.૧૬-૮-૦૪

પૂજ્ય ગુરુવર્ય શ્રી યોગભિક્ષુજી મહારાજ
સાદર વંદન...

આપની પ્રસાદી મળી, પ્રેમથી સ્વીકારી છે. આપની કૃપાથી અમો કુશળ છીએ. ગુરુ-મુરબ્બી-વડીલને કાંઈક અર્પણ કરવાની પ્રાર્થના છે પણ આપ તો મહાન છો, આપ શિષ્યોને પ્રસાદી આપી ધન્ય કરી દો છો. આપ એવા ગુરુ છો કે જે ગુરુદેવના નામમાત્રથી, સ્મરણમાત્રથી બત્રીશી ખીલી ઊઠે છે. હૃદયમાં સાત સાગર હિલોળા લેવા માંડે છે. ગુરુદેવના જીવન-બાગમાંથી ફૂલો ચૂંટી આપણે આપણા મનમાંથી કંટકોને દૂર કરવાના છે.

**"સેવા સાચું જ્ઞાન છે, સેવા સાચું ધ્યાન;**
**ગુરુદેવની સેવા થકી, મટે માન-ગુમાન."**

ગુરુદેવની આંખોમાં અમી અને હૃદયમાં વાત્સલ્ય હોય છે. તેમની એક મીઠી નજર કે મૂક દર્શનથી પણ શિષ્યનું જીવન ધન્ય બની જાય છે.

સત્તા, સંપત્તિ, સંતાન; બધું જ મળ્યું હોવા છતાં સદ્‌ગુરુ ના મળ્યા તો બધું જ વ્યર્થ છે. આપ સાચા સદ્‌ગુરુ છો. માનવજીવન સફળ બનાવવા માટે જીવનમાં ગુરુનો સમાગમ અત્યંત આવશ્યક છે. ગુરુદેવ હંમેશાં, સમાગમમાં આવનાર દરેકને અમીદૃષ્ટિ અને આશિષ-વૃષ્ટિથી ભીંજવે છે. એવી આશિષ અમોને મળી છે તેથી અમો ધન્ય બની ગયા છીએ.

ઘણાં બધાં કાર્યોમાં વ્યસ્ત હોવાથી પત્ર મોડો લખી શક્યો છું.

આપનો સુધાકર જાનીના વંદન

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

---

● **ટ્રસ્ટના ઉદ્દેશો :-**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ॐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૩૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૫ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૫૧ $

**લવાજમ મોકલવાનું તથા "ૠતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-**

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

**PRINTED BOOK**
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

To,
LM-863 NV H
NAVJIVAN CHERITABLE TRUST
NAVJIVAN
AMDAVAD 380014

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી
PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T. Exe. U/S-80 G (5) No. H.Q. III/33 (821) 2000-01 Up to MARCH-2005.